## ફોર્મ 15જી અને 15 એચ

ટાઇમ ડિપોઝિટ્સ પર ચુકવેલ/જમા કરેલ વ્યાજ આવક કર કાયદો, 1961માંની જોગવાઇઓ હેઠળ અમલમાં રહેલા લાગુ પડતા દરો પર ડીડક્શન ઑફ ટેક્સ એટ સોર્સ (ટીડીએસ)ને આધીન છે. તેમ છતાં, નીચે જણાવેલા કિસ્સાઓમાં અન્યની સાથે ટીડીએસ લાગુ નહીં થાય.

1. ભારતીય **નિવાસી** વ્યક્તિને શાખા દ્વારા નાણાકીય વરસ (1 એપ્રિલથી 31મી માર્ચ) દરમિયાન સરેરાશ વ્યાજ ચુકવવાની/જમા કરવાની સંભાવના ₹10,000 (1 જૂન 2007 પહેલા ₹5,000) કરતાં વધારે ન હોય.
2. **કોઈ પણ વ્યક્તિના કિસ્સામાં (કંપની અથવા ફર્મ સિવાય)** (સેક્શન 197એ(1એ) નિયમ 29સી સાથે વાંચો):
   અ. જે ભારતીય **નિવાસી** છે; *અને*
   બ. જેમની સંબંધિત નાણાકીય વરસ માટેની (1 એપ્રિલથી 31મી માર્ચ) **અંદાજિત કુલ આવક પર વાર્ષિક કુલ આવક કર જવાબદારી શૂન્ય** છે (કૃપયા નોંધી લો કે કોઈ પણ ટીડીએસની અવગણના કરીને કુલ આવક કર જવાબદારીની ગણતરી કરવી જોઇએ); *અને*
   ક. આવી વ્યક્તિના કિસ્સામાં સંબંધિત નાણાકીય વરસ દરમિયાન ટર્મ ડિપોઝિટ(ટ્સ) પર ચુકવવાપાત્ર/જમા કરવા પાત્ર સરેરાશ વ્યાજ આવક કર માટે ચાર્જ ન કરવા યોગ્ય **અધિકતમ રકમ કરતાં વધારે ન હોવું** જોઇએ; *અને*
   ડ. આમ ઉપર જણાવ્યા મુજબ **પ્રત્યેક** નાણાકીય વર્ષ માટે નિર્દિષ્ટ **ફોર્મ નં 15જી (ડુપ્લિકેટમાં)** સંપૂર્ણ જાહેરનામું ભરીને **અગાઉથી** શાખાને જમા કરાવે છે. કૃપયા નોંધી લો કે પ્રત્યેક નાણાકીય વર્ષ માટે ફોર્મ15જી જમા કરાવવાનું છે. કૃપયા એ પણ નોંધી લો કે ફોર્મ નં 15જી જમા કરાવવામાં કોઈ પણ વિલંબ/ક્ષતિથી આ જમા (શાખાને) કરાવવાની તારીખ પર અથવા તારીખ પહેલા ચુકવેલ/જમા કરેલ વ્યાજ નિયત ટીડીએસ માટે જવાબદાર રહેશે. આ માટેના ટીડીએસ રિફંડનો કોઈ પણ દાવો સીધેસીધો આવક કર વિભાગને કરવાનો રહેશે, બૅન્કને નહીં.
3. **કોઈ પણ વ્યક્તિના કિસ્સામાં** (સેક્શન 197એ (1સી) નિયમ 29સી સાથે વાંચો):
   અ. જે ભારતીય **નિવાસી** છે; *અને*
   બ. જેમની **ઉંમર** સંબંધિત નાણાકીય વરસ (1 એપ્રિલથી 31મી માર્ચ) દરમિયાન **કોઈ પણ સમયે 65 વરસ અથવા વધારે છે;** *અને*
   ક. જેમની સંબંધિત નાણાકીય વરસ માટે તેની/તેણીની અંદાજિત કુલ આવક પર **વાર્ષિક કુલ આવક કર જવાબદારી શૂન્ય** છે (કૃપયા નોંધી લો કે કોઈ પણ ટીડીએસની અવગણના કરીને કુલ આવક કર જવાબદારીની ગણતરી કરવી જોઇએ); *અને*
   ડ. આમ ઉપર જણાવ્યા મુજબ **પ્રત્યેક** નાણાકીય વર્ષ માટે નિર્દિષ્ટ **ફોર્મ નં 15એચ (ડુપ્લિકેટમાં)** સંપૂર્ણ જાહેરનામું ભરીને **અગાઉથી** શાખાને જમા કરાવે છે. કૃપયા નોંધી લો કે પ્રત્યેક નાણાકીય વર્ષ માટે ફોર્મ15એચ જમા કરાવવાનું છે. કૃપયા એ પણ નોંધી લો કે ફોર્મ નં 15એચ જમા કરાવવામાં કોઈ પણ વિલંબ/ક્ષતિથી આ જમા (શાખાને) કરાવવાની તારીખ પર અથવા તારીખ પહેલા ચુકવેલ/જમા કરેલ વ્યાજ નિયત ટીડીએસ માટે જવાબદાર રહેશે. આ માટેના ટીડીએસ રિફંડનો કોઈ પણ દાવો સીધેસીધો આવક કર વિભાગને કરવાનો રહેશે, બૅન્કને નહીં.

HSBC

Issued by The Hongkong and Shanghai Banking Corporation Limited, India (HSBC). Incorporated in Hong Kong SAR with limited liability.